# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આજે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા એક IAS અને ત્રણ IPS અધિકારીની પૂછપરછ કરશે.
- રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 26 મૃતકોના મૃતદેહો તેમના સ્વજનોને સોંપવામાં આવ્યા.
- રાજ્યના પંદર સરકારી વિશ્વવિદ્યાલયમાં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઑનલાઈન નોંધણી પ્રક્રિયા બીજી જૂન સુધી લંબાવવામાં આવી.
- રાજ્યભરના તાપમાનમાં આંશિક ઘટાડો, આજે અને આવતીકાલે કચ્છ, પાટણ, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં ધૂળના હળવા તોફાનની આગાહી
- ગાંધીનગરમાં કલેક્ટરના આદેશ બાદ બાળકોને લઈ જતાં C.N.G. ગેસ સિલિન્ડરવાળા વાહનોની ચકાસણી શરૂ
- કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ખલાસીઓએ PVC QR કૉડ આધાર કાર્ડ સહિતની વિગતો ‘દીવસાગર’ મોબાઈલ એપમાં અપલોડ કરવી ફરજિયાત.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAJKOT GAMEZONE POLICE TRANSFER

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય આજે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા IAS આનંદ પટેલ, રાજકોટના પૂર્વ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ત્રણ IPS અધિકારીઓની પૂછપરછ કરશે.

રાજ્ય સરકારે ગેમઝોન દુર્ઘટના બાદ રાજકોટના તત્કાલીન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, તત્કાલીન કલેક્ટર આનંદ પટેલ, તત્કાલીન શહેર અધિક કમિશનર વિધિ ચૌધરી, ઝોન 2ના તત્કાલીન નાયબ પોલીસ કમિશનર ડૉ. સુધીર દેસાઈની તાત્કાલિક અસરથી બદલી કરી હતી.

ગાંધીનગરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજકોટ ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડીના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં જીવ ગુમાવનારાના પરિવારજનોને ન્યાય અપાવવા માટે રચાયેલી વિશેષ તપાસ ટુકડીની સમીક્ષા કરી હતી. તેમજ શ્રી સંઘવીએ જે - તે વિભાગના જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે. અધિકારી કે પદાધિકારીની પૂછપરછ બાદ આકલન કરવામાં આવશે અને ત્યારબાદ રાજ્ય સરકારને અહેવાલ સોંપવામાં આવશે. ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ - 2 ખાતે ગઈકાલે સાંજે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય સહિત વિશેષ તપાસ ટુકડીના સભ્યો સાથે બીજી મહત્વની બેઠક યોજી હતી.

. . . . . . . . . . . . . . .

રીપીટ, હિંદુસ્તાન સમાચાર, પ્રવેશ, નવીન

# RAJKOT GAMEZONE

રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 27 મૃતકોની ઓળખ થઇ છે તથા 26 મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 28 લોકોના મૃત્યુ નીપજ્યા હોવાના અહેવાલ તંત્ર તરફથી મળ્યા છે. આ ગેમઝોન દુર્ઘટનામાં મુખ્ય આરોપી પ્રકાશ હિરન જૈનનું પણ મૃત્યુ નીપજ્યું છે.

આ દુર્ઘટનામાં ભોગ બનેલા 28 લોકોના પરિવારજનોના ડીએનએ નમૂના ગાંધીનગરની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા. તે પૈકી 28 લોકોના અહેવાલ આવી ગયા છે. અને ડીએનએ મેચ થયા બાદ પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે.

આ દુર્ઘટના સંદર્ભે કોઈ પરિવારના સભ્ય 25 મેથી ગુમ હોય અથવા તો આ ગેમઝોનમાં ગયા હોવાની શંકા હોય તો આ ઘટનાની તપાસ કરનારા પોલીસ અધિકારીઓ તથા રાજકોટ શહેર પોલીસ કંટ્રોલરૂમનો સંપર્ક કરવા પોલીસ વિભાગે અનુરોધ કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . .

માહિતી, હર્ષ, નવીન

# UNDER GRADUATE COURSES 2 JUNE

રાજ્યની પંદર સરકારી વિશ્વવિદ્યાલયના સ્નાતક અભ્યાસક્રમની વિવિધ બેઠકોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ બીજી જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકશે. બેચલર ઑફ આર્ટ્સ, બેચલર ઑફ કૉમર્સ, બેચલર ઑફ સાઈન્સ, બેચલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, બેચલર ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ સહિતના સ્નાતકકક્ષાના અભ્યાસક્રમ ગુજરાત કૉમન એડમિશન સર્વિસીઝ પૉર્ટલ મારફતે બીજી જૂન સુધી ઑનલાઈન નોંધણી કરાવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 28 મે સુધી 4 લાખ 39 હજાર 865 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. તે પૈકી 2 લાખ 63 હજાર 115 વિદ્યાર્થીઓએ ફી ભરી છે. હજી ઘણા વિદ્યાર્થીઓ નોંધણી ફી ભરી શક્યા ન હોવાની વિવિધ વિશ્વવિદ્યાલયો, મહાવિદ્યાલયો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળી હતી.

------------

રીપીટ

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે અનેક ભાગમાં ભારે પવન સાથે વંટોળની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે આગામી 24 કલાક દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે તીવ્ર ગતિથી પવન ફૂંકાવવાની આગાહી છે.

ઉપરાંત આજે અને આવતીકાલે કચ્છ, પાટણ, બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં ધૂળનું હળવું તોફાન આવવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે.

હવામાન વિભાગની આગાહીને પગલે દાંડી તથા ઉભરાટ બીચ સહિત નવસારી જિલ્લાના દરિયાકાંઠે આવેલા પર્યટન સ્થળો આજથી 2 જૂન સુધી બંધ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ અને ભાવનગરમાં નોંધાયું હતું.

જ્યારે ગાંધીનગર અને રાજકોટમાં 43, કંડલા એરપોર્ટ, સુરેન્દ્રનગર, વલ્લભ વિદ્યાનગર અને બનાસકાંઠાના ડીસામાં 42, વડોદરા અને અમરેલીમાં 41, કચ્છના ભુજમાં 39, કંડલા બંદર અને મહુવામાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે જુનાગઢના કેશોદમાં 36 અને અન્ય શહેરોમાં 36 ડિગ્રી સેલ્સિયસથી ઓછું તાપમાન નોંધાયું હતું.

---

- **SOURCE – IMD AHMEDABAD – PRAVESH.**

-(નવીન)

# GANDHINAGAR COLLECTOR ADESH

ગાંધીનગર જિલ્લામાં સ્કૂલ જતા બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી જિલ્લા કલેક્ટરે સી.એન.જી. ગેસ સિલિન્ડરવાળા વાહનોની ચકાસણી ગઈકાલથી શરૂ કરાવી છે. આ ચકાસણી દરમિયાન 10 વાહનોને મેમો આપીને ૩૮ હજાર રૂપિયાથી વધુની રકમનો દંડ એકત્રિત કરવામાં આવ્યો છે.

રાજકોટમાં બનેલ દુ:ખદ ઘટના બાદ ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેએ શાળાએ વાન કે અન્ય વાહનમાં જતાં બાળકોની સુરક્ષાને ધ્યાને લઈ પોલીસ અને આરટીઓને સ્કૂલ વાનની ચકાસણી કરવાની સૂચના આપી છે. વાનમાં સી.એન.જી. ગેસ સિલિન્ડર હોય ત્યાં બાળકોને ન બેસાડવા તેમ જ ટાંકીની સલામતીની ખાતરી નિયમિત કરાવવા, ગેસ લિકેજ થાય તો તાત્કાલિક વાહનમાં અગ્નિશામક ઉપકરણ રાખવા અને નિયમિત ઉપકરણોની ચકાસણી કરવા જેવી અનેક બાબતોને પ્રાધાન્ય આપવા માટે કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું.

---

- SOURCE – PTC – GANDHINAGAR – PRAVESH.-(નવીન)

# DIU MACHIMARI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના મત્સોદ્યોગ વિભાગે માછીમારી બોટમાલિકો અને માછીમારોને માહિતી આપતા જણાવ્યું કે, સુરક્ષાના કારણોસર માછીમારી દરમિયાન પીવીસી ક્યૂઆર કૉડ આધારકાર્ડ રાખવું અતિઆવશ્યક છે.

તેમ જ આગામી માછીમારી સિઝન માટે ‘દીવસાગર’ મોબાઈલ એપમાં માછીમારી બોટમાં સવાર ટંડેલ કે ખલાસીઓનું સાચો પીવીસી ક્યૂઆર કૉડ આધાર કાર્ડ અને ટંડેલ, ખલાસીઓની સંપૂર્ણ વિગત હસ્તાક્ષર સાથે અપલોડ કરવું પડશે. આવું ન કરનારા ટંડેલ, ખલાસીઓનું નામ ‘દીવસાગર’ મોબાઈલ એપમાંથી રદ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલયના પરિપત્ર અને પશ્ચિમી ક્ષેત્રિય પરિષદની 25મી બેઠકની ટિપ્પણી અંતર્ગત માછીમારોને આ માહિતી પહોંચાડવામાં આવી છે.

---

- PTC – DIU – PRAVESH.

-(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# SPORTS QUIZ

અમદાવાદ ખાતે સ્પોર્ટ્સ જર્નલિસ્ટ એસોસિએશન ઑફ ગુજરાતના ઉપક્રમે શહેરની તાલીમ અકાદમીના તાલીમાર્થીઓ માટે રમતગમત પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. '

'ટી-20 ક્રિકેટ વિશ્વકપ' વિષય પર યોજાયેલી પ્રશ્નોત્તરીમાં શહેરની પ્રતિષ્ઠિત તાલીમ અકાદમીની ટુકડીઓએ ભાગ લીધો હતો.

આ અંગે સ્પોર્ટ્સ જર્નલિસ્ટ એસોસિએશન ઑફ ગુજરાતના પ્રમુખ તુષાર ત્રિવેદીએ જણાવ્યું કે,

**બાઈટ - તુષાર ત્રિવેદી પ્રમુખ સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાત**

---

- SOURCE – NDMS – PRATIK - PRAVESH. -(નવીન)

# COUNTING TALIM

આગામી ચોથી જૂને રાજ્યની 25 લોકસભાની અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની મતગણતરી માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વિવિધ જિલ્લાઓમાં વહીવટીતંત્ર દ્વારા મતગણતરી કેન્દ્રો ઉપર અને ઇવીએમ સ્ટ્રોંગરૂમ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વિવિધ જિલ્લા કલેક્ટરોએ ગઇકાલે મતગણતરી કામગીરીની તાલીમ યોજી હતી.

પાટણ લોકસભા બેઠક પર  જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ મત ગણતરી સાથે સંકળાયેલ કર્મચારીઓની તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈવીએમમાં મતગણતરી માટેના કાઉન્ટીંગ સુપરવાઈઝર, કાઉન્ટીગ મદદનીશ કાઉન્ટીગ ઓબ્ઝર્વેશન મળી 380 અને બેલેટ પેપરની ગણતરી માટે 147 કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

એવી જ રીતે ભાવનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર  આર. કે. મહેતાએ મતગણતરીની પૂર્વતૈયારીની સમીક્ષા કરી હતી. કોલેજ કેમ્પસમાં તૈયાર કરાયેલા મતગણતરી રૂમ, મતગણતરીના દિવસે ઉભી થનારી બેરિકેડિંગ તેમજ પાર્કિંગ વ્યવસ્થા, મીડિયા રૂમ, કોમ્યુનિકેશન રૂમ સહિતની વ્યવસ્થાઓની મુલાકાત કલેક્ટર આર.કે. મહેતાએ લીધી હતી. તેમજ નિવાસી અધિક કલેકટર એન. ડી. ગોવાણી અને નાયબ ચૂંટણી  અધિકારી આર. એન. ચૌધરીના અધ્યક્ષસ્થાને “મતગણતરી ટેબલ” સિવાયની કામગીરી માટે સંકળાયેલા સ્ટાફની તાલીમ પણ યોજાઇ હતી.

. . . . . . . . . . . . .

HINDUSTAN SAMACHAR, PTC- BHAVNAGAR, AJAY SIR, SONAL

# NAMO LAKSHAMI YOJANA AFVA

રાજ્યમાં નમો લક્ષ્મી યોજનાની નોંધણી માત્ર સોમવાર અને મંગળવાર એમ બે દિવસ પૂરતી છે. તે ગેરમાન્યતા અને અફવા હોવાનું સુરતના જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

શિક્ષણાધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું કે, અફવાથી વાલીઓ ગેરમાર્ગે ન દોરાય અને આવકનું પ્રમાણપત્ર મેળવવા ધસારો ન કરે તે માટે રાજ્ય સરકારે ઉનાળું વેકેશન ખૂલતાં જ શાળા પ્રવેશોત્સવના સમયે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપી શકે તેવું આયોજન કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની નમો લક્ષ્મી યોજના માટે 27 મેથી સંબંધિત સરકારી અને ખાનગી શાળાઓ મારફતે અરજી ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

---

- PTC – SURAT INFORMATION – PRAVESH. -(નવીન)